# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

*****************************************************

1) **દેશ આ વર્ષે ટીબી મુક્ત રાષ્ટ્ર બનવા માટે ઝડપથી આગળ વધી રહ્યો છે**

2) **સંસદમાં ખેતી અંગેની ચર્ચામાં ભાગ લેવા કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણની વિરોધ પક્ષોને અપીલ**

3) **ભારતે વર્ષ 2030માં ગુજરાતના અમદાવાદમાં રાષ્ટ્રમંડળ રમતોનું આયોજન કરવા બોલી લગાવી**

4) **પાવર સબ સ્ટેશનમાં ભીષણ આગ લાગ્યા બાદ લંડનનુ હીથ્રો હવાઈમથક 24 કલાક માટે બંધ**

5) **SRFI ઇન્ડિયન ટૂર 2025 સ્કવોશની ફાઈનલમાં, આજે ભારતની આકાંક્ષા સાલુંખે ભારતનાં જ અનાહત સિંહ સામે રમશે**

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# LS - TB FREE NATION

દેશ આ વર્ષે ટીબી મુક્ત રાષ્ટ્ર બનવા માટે ઝડપથી આગળ વધી રહ્યો છે. દેશમાં ટીબીનો દર 2015 માં પ્રતિ લાખ વસ્તી 237 હતો જે 2023 માં 17.7 ટકા ઘટીને પ્રતિ લાખ વસ્તી 195 થયો છે, જે વૈશ્વિક ઘટાડા કરતા બમણાથી વધુ છે. આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા આરોગ્ય રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું કે 2015 ની તુલનામાં 2023 માં ટીબીથી થતા મૃત્યુમાં પણ 21 ટકાથી વધુનો ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે સરકારના સતત પ્રયાસોને કારણે દેશમાં ટીબી સારવાર કવરેજ 32 ટકા સુધી લંબાવવામાં આવ્યું છે. તેમણે ટીબીના કેસો શોધવા માટે 33 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 347 પ્રાથમિકતા ધરાવતા જિલ્લાઓમાં 100-દિવસીય ટીબી નાબૂદી અભિયાન શરૂ કર્યું હોવાનું પણ જણાવ્યું હતું

# RS-JUDGE

દિલ્હી વડી અદાલતના ન્યાયાધીશ યશવંત વર્મા પાસેથી રોકડા રૂપિયા મળવાના મુદ્દાનો આજે રાજ્યસભામાં પડઘો પડ્યો હતો. અધ્યક્ષ જગદીપ ધનખડે આ મામલાની નોંધ લેતા કહ્યું કે તેઓ ગૃહના નેતા અને વિરોધ પક્ષના નેતાનો સંપર્ક કરશે અને સત્ર દરમિયાન આ ચર્ચા માટે એક પદ્ધતિ શોધી કાઢશે.

આ અગાઉ કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે શૂન્ય કાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવતા કહ્યું હતું કે દિલ્હી વડી અદાલતના ન્યાયાધીશના નિવાસસ્થાનેથી મોટી માત્રામાં રોકડ મળી આવવાની ઘટના આઘાતજનક છે. તેમણે અધ્યક્ષ જગદીપ ધનખડને ન્યાયિક જવાબદારી વધારવા માટે દરખાસ્ત લાવવા માટે સરકારને જરૂરી દિશા નિર્દેશ આપવા વિનંતી કરી હતી.

# SHIVRAJ AGRICULTURE

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે વિરોધ પક્ષને સંસદમાં ખેતી અંગે ચર્ચામાં ભાગ લેવા અપીલ કરી છે. માધ્યમો સાથેની વાતચીતમાં શ્રી ચૌહાણે કહ્યું, કેન્દ્ર સરકાર સંસદમાં ખેડૂતો મુદ્દે ચર્ચા માટે હંમેશા તૈયાર છે. તેમણે કહ્યું, ખેડૂતોનું કલ્યાણ મોદી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

(બાઈટઃ શિવરાજસિંહ ચૌહાણ, કેન્દ્રિય કૃષિમંત્રી)

# ANNPURNA DEVI- JUDGE RAPE

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ આજે દુષ્કર્મના પ્રયાસના કેસમાં અલ્હાબાદ વડી અદાલતના ન્યાયાધીશની ટિપ્પણીઓ સામે વાંધો ઉઠાવીને તેને અયોગ્ય ગણાવી છે. તેમણે કહ્યું કે આવા અવલોકનોથી સમાજમાં ખોટો સંદેશ જશે.સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા તેમણે ઉમેર્યું કે આ પ્રકારની ટિપ્પણીઓ આવા કેસોને લગતા વિવિધ ચુકાદાઓ પર પ્રતિકૂળ અસર કરશે અને તે ખોટું કરવાની માનસિકતાને પ્રોત્સાહન આપશે. તેમણે એમ પણ કહ્યું કે સરકાર ન્યાયાધીશ દ્વારા આવા અવલોકનોની નોંધ લેશે.

(BYTE - અન્નપૂર્ણા દેવી)

ઉલ્લેખનીય છે કે અલહાબાદ વડી અદાલતના ન્યાયાધીશ રામ મનોહર નારાયણ મિશ્રાએ દુષ્કર્મ સંબંધિત એક કેસની સુનાવણી કરતી વખતે કેટલીક ટિપ્પણીઓ કરી હતી જેનાથી આક્રોશ ફેલાયો છે.

# INDIA-2030 CWG BID

ભારતે ૨૦30 માં ગુજરાતમાં રાષ્ટ્ર મંડળ રમતોનું આયોજન કરવા માટે બોલી લગાવી છે. કોમનવેલ્થ ગેમ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ પીટી ઉષાના નેતૃત્વમાં આ માટે અમદાવાદની પસંદગી કરવામાં આવી છે. આ પગલું ૨૦૩૬માં યોજાનાર  ઓલિમ્પિક રમતોત્સવ માટે બોલી સહિત મુખ્ય આંતરરાષ્ટ્રીય ઇવેન્ટ્સને સુરક્ષિત કરવાની ભારતની વ્યાપક મહત્વાકાંક્ષા સાથે સુસંગત છે.

પીટી ઉષાએ કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશન દ્વારા ભારતનો પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હોવાનું કહ્યું હતું. તેમણે ૨૦૨૩ આઈસીસી મેન્સ ક્રિકેટ વિશ્વ કપની  ફાઇનલ મેચ  અને તાજેતરના કોલ્ડપ્લે કોન્સર્ટને ટાંકીને મોટા પાયે ઇવેન્ટ્સનું આયોજન કરવામાં અમદાવાદની ક્ષમતા હોવાનું જણાવ્યું હતું.

# TN-MEETING

સીમાંકન અંગેની પહેલી બેઠક આવતીકાલે તામિલનાડુમાં ચેન્નાઈ ખાતે યોજાશે. ડીએમકે નેતા અને મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનના નેતૃત્વમાં આ બેઠકમાં આંધ્રપ્રદેશ, કેરળ, કર્ણાટક, તેલંગાણા, ઓડિશા અને પશ્ચિમ બંગાળના વિવિધ પક્ષોના રાજકીય પ્રતિનિધિઓ અને નેતાઓ હાજરી આપશે. ચર્ચાના પ્રથમ રાઉન્ડમાં સંઘવાદ અને સીમાંકનના મુદ્દાઓ સહિત અનેક એજન્ડા હશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# LONDON AIRPORT-FIRE

લંડનમાં, પાવર સબ સ્ટેશનમાં ભીષણ આગ લાગ્યા બાદ હીથ્રો એરપોર્ટ 24 કલાક માટે બંધ કરી દેવાયું છે. આગનાં કારણે વીજળી બંધ થઈ જતાં સોળ હજારથી વધુ ઘરોમાં અંધારપટ છવાઇ ગયો છે. વીજળી ગુલ થવાના કારણે વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટ પૈકીના એક પર કામગીરી ખોરવાઈ ગઈ અને વિમાનોની અવરજવર પર માઠી અસર થઇ છે.

આજે સવારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, એરપોર્ટ ઓથોરિટીએ મુસાફરોને મુસાફરી ન કરવાની અને વધુ વિગતો માટે તેમની સંબંધિત એરલાઇન્સનો સંપર્ક કરવાની સલાહ આપી છે. સ્થાનિક મીડિયા અનુસાર, 150 થી વધુ લોકો પણ અન્યત્ર ખસેડાયા હતા.

# SQUASH INDIAN TOUR 2025

S.R.F.I. ઇન્ડિયન ટૂર 2025 સ્ક્વેશની ફાઈનલમાં, આજે ભારતનાં આકાંક્ષા સાલુંખે ભારતનાં જ અનાહત સિંહ સામે રમશે. આ મેચ બપોરે અઢી વાગ્યે શરૂ થશે. આકાંક્ષાએ જોશના ચિનપ્પાને હરાવીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે 17 વર્ષનાં અનાહત સિંહે સેમિ-ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાનાં હેલે વાર્ડને હરાવ્યાં હતાં.

પુરુષ વર્ગની ફાઈનલમાં આજે ભારતના વીર ચોટરાણી ફ્રાન્સના મેલવિલ સાઈનીમેનિકો સામે રમશે. વીરે ગઈકાલે સેમિ-ફાઈનલમાં શ્રીલંકાના રવિન્દુ લક્સિરીને હરાવ્યા હતા.

# PUNJAB-POLICE REMAND

પંજાબમાં, કટ્ટરપંથી ઉપદેશક અને લોકસભા સાંસદ અમૃતપાલ સિંહના સાત સહયોગીઓને આજે ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે અમૃતસરના અજનાલાની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે તેમને 25 માર્ચ સુધી પોલીસ કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો.

તેઓ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ આસામની ડિબ્રુગઢ જેલમાં અટકાયતમાં હતા. તેમની મુક્તિ પછી, ગઈકાલે, 2023 માં અજનાલામાં એક પોલીસ સ્ટેશન પર હુમલાના કેસમાં રાજ્ય પોલીસે તેમની ફરીથી ધરપકડ કરી હતી, અને ગઈકાલે સાંજે તેમને પંજાબ પાછા મોકલવામાં આવ્યા હતા. પંજાબ સરકારે કડક રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ તેમની અટકાયત લંબાવવાનો નિર્ણય લીધો નથી.

જોકે, 'વારિસ પંજાબ દે' જૂથના નેતા અમૃતપાલ સિંહ અને તેમના બે અન્ય સહયોગીઓને ડિબ્રુગઢમાં NSA હેઠળ રાખવામાં આવશે

# USTAD BISMILLAH KHAN

ભારતરત્ન શરણાઈ વાદક ઉત્સાદ બિસ્મિલ્લાહ ખાંની આજે જન્મજયંતિ છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિતના મહાનુભાવોએ આજે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

શ્રી બિરલાએ ભારતને વિશ્વ સ્તરે સંગીત ક્ષેત્રમાં ગૂંજતું કરનારા ભારતરત્ન ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાંને શ્રદ્ધાંજલિ આપી. તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું, ભારતીય કળા અને સંસ્કૃતિના વિકાસમાં તેમની ભૂમિકા હંમેશા યાદ રહેશે.

શ્રી આદિત્યનાથે ભારતરત્ન ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાંની સંગીત સાધનાને વંદનીય ગણાવતા કહ્યું, પોતાના વાદનના માધ્યમથી તેમણે ભારતની સંસ્કૃતિને વિશ્વ સમક્ષ રજૂ કરી.

# PAK ATTACK

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના ડેરા ઇસ્માઇલ ખાન જિલ્લામાં એક એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોએ ઓછામાં ઓછા 10 આતંકવાદીઓને ઠાર માર્યા હતા. આ એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોનું નેતૃત્વ કરી રહેલા કેપ્ટન હસનૈન અખ્તરે પોતાનો જીવ ગુમાવ્યો. સેનાની મીડિયા શાખાએ જણાવ્યું કે, ગુપ્ત માહિતીના આધારે સુરક્ષા દળોએ 20 માર્ચે આતંકવાદીઓને ઘેરી લીધા હતા. આ દરમિયાન બંને બાજુથી થયેલા ગોળીબારમાં 10 આતંકવાદીઓ માર્યા ગયા. એન્કાઉન્ટર સ્થળેથી હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે અને બાકીના આતંકવાદીઓની શોધખોળ ચાલી રહી છે.

આઈએસપીઆર એ નિવેદનમાં જણાવ્યું હતું કે, 2021 માં અફઘાનિસ્તાનમાં તાલિબાનના સત્તામાં પાછા ફર્યા બાદ પાકિસ્તાન આતંકવાદી હુમલાઓનો સામનો કરી રહ્યું છે.

# INDONESIA VOLCANO

ઇન્ડોનેશિયામાં માઉન્ટ લેવોટોબી લાકી-લાકી જ્વાળામુખી આજે ત્રણ વાર ફાટતા રાખનો એક સ્તંભ આઠ હજાર 200 મીટર ઉપર હવામાં જોવા મળ્યો હતો. અધિકારીઓએ જ્વાળામુખીની આસપાસના જોખમી ક્ષેત્રનું વિસ્તાર કર્યું છે. જોકે, સ્થળાંતર અંગેની માહિતી તાત્કાલિક ઉપલબ્ધ નહતી.

પૂર્વ નુસા ટેન્ગારા પ્રાન્તના ફ્લૉરેસ ટાપુ પર આવેલા જ્વાળામુખીમાં અનેક ધરતીકંપ આવી ગયા છે. તેમ જ ગત સાત દિવસમાં દ્રશ્યમાન જ્વાળામુખીની પ્રવૃત્તિમાં નોંધપાત્ર વધારો થયો છે. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં માઉન્ટ લેવોટોબી જ્વાળામુખી ફાટવાથી નવ લોકોના મોત થયા અને ડઝનથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે.